સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા (સ્પીપા)
ઈસરો સામે, સેટેલાઈટ રોડ, અમદાવાદ, ગુજરાત ૩૮૦ ૦૧૫
ફોન: (૦૭૯) ૨૬૯૧ ૯૯૦૦ ફેક્ષ: (૦૭૯) ૨૬૯૧ ૯૯૪૫
www.spipa.gujarat.gov.in

**(જાહેરાત ક્રમાંક: SPIPA/202122/1)**

**યુ.પી.એસ.સી સિવિલ સર્વિસીઝ પરીક્ષા ૨૦૨૨ (IAS, IPS, IFS etc.)ના પ્રશિક્ષણવર્ગ ૨૦૨૧-૨૨**

**Orientation Programme of UPSC CSE Training Programme 2021-22**

૧. સરદાર પટેલ લોક પ્રશાસન સંસ્થા (સ્પીપા) દ્વારા યુપીએસસી સીવીલ સર્વિસીઝ પરીક્ષા ૨૦૨૨ માટેના તાલીમવર્ગ ૨૦૨૧-૨૨ **તા.૨૫-૧૧-૨૦૨૧ (ગુરૂવાર) ના રોજ**થી શરૂ થનાર છે. તાલીમવર્ગના પ્રથમ દિવસે તા.૨૫-૧૧-૨૦૨૧ ના રોજ એક દિવસના ઓરીએન્ટેશન પ્રોગ્રામનું આયોજન કરવામાં આવેલ છે. ઉક્ત કાર્યક્રમમાં યુ.પી.એસ.સી. સીવીલ સર્વિસીઝ પરીક્ષા ૨૦૨૦ માં સફળ થયેલ ઉમેદવારો ધ્વારા તાલીમાર્થીઓની ઉપયોગી વિવિધ વિષય પર માર્ગદર્શન આપવામાં આવશે.

૨. સ્પીપા-અમદાવાદ અને પ્રાદેશિક તાલીમકેન્દ્ર-અમદાવાદ ખાતે પ્રવેશ મેળવેલ તાલીમાર્થીઓએ **તા.૨૫-૧૧-૨૦૨૧ (ગુરૂવાર) ના રોજ સવારે ૯.૩૦ કલાકે** સરદાર પટેલ લોક પ્રશાસન સંસ્થા (સ્પીપા),ઓડિટોરીયમ હોલ-ગ્રાઉન્ડ ફ્લોર, ઈસરો અને સુંદરવનની સામે, સેટેલાઈટ રોડ, અમદાવાદ- ૩૮૦૦૧૫ ખાતે અચૂકપણે હાજર રહેવા આથી જણાવવામાં આવે છે. જ્યારે ગુજરાત કોમર્સ કોલેજ-અમદાવાદ, પ્રાદેશિક તાલીમ કેન્દ્ર-વડોદરા, પ્રાદેશિક તાલીમ કેન્દ્ર-સુરત અને પ્રાદેશિક તાલીમકેન્દ્ર-રાજકોટ ખાતે પ્રવેશ મેળવેલ તાલીમાર્થીઓએ સંબંધિત તાલીમ કેન્દ્ર ખાતે **તા.૨૫-૧૧-૨૦૨૧ (ગુરૂવાર) ના રોજ સવારે ૯.૩૦ કલાકે** અચૂકપણે હાજર રહેવા આથી જણાવવામાં આવે છે.

૩. યુપીએસસી સીવીલ સર્વિસીઝ પરીક્ષા ૨૦૨૨ માટેના તાલીમવર્ગ ૨૦૨૧-૨૨ ના માર્ગદર્શન પ્રોગ્રામનું આયોજન સ્પીપા, અમદાવાદ ખાતે કરવામાં આવશે અને ગુજરાત કોમર્સ કોલેજ-અમદાવાદ, પ્રાદેશિક તાલીમ કેન્દ્ર-વડોદરા, પ્રાદેશિક તાલીમ કેન્દ્ર-સુરત અને પ્રાદેશિક તાલીમકેન્દ્ર-રાજકોટ ખાતે તેનું લાઈવ પ્રસારણ કરવામાં આવશે.

૪. તમામ તાલીમાર્થીઓ કોવિડ-૧૯ની મહામારીના લીધે ફરજિયાતપણે માસ્ક પહેરવાના રહેશે તથા સરકાર દ્વારા વખતોવખત બહાર પાડવામાં આવેલ કોવિડ-૧૯ મહામારીની ગાઈડલાઈન્સનું પાલન કરવાનું રહેશે.

ઉપરોક્ત તમામ બાબતોની સર્વે સંબંધિત ઉમેદવારોએ નોંધ લેવી.

Sd/-
સંયુક્ત નિયામક, (સ્ટડી)
સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા,
અમદાવાદ

તારીખ: ૨૩/૧૧/૨૦૨૧
સ્થળ: અમદાવાદ